
**વડીલોને વંદન**
**અભિનંદન**



કિરણકુમાર રતીલાલ પંડ્યા
(૧૯૫૪)ફોન: ૨૩૨૨૭૯૨૫

**રક્તદાન મહાદાન**

# તલોદનગરમાં ૨૩ હજારની વસ્તીમાં એક જ તલાટી : સબ સલામત

તલોદ, તા. ૧૯

તલોદમાં છેલ્લા પાંચ વર્ષથી ફસ્ટ અને સેકન્ડ ગ્રેડના બે તલાટી એક ક્લાર્ક તેમજ એક પટાવાળો ફરજ બજાવતા હતા, પરંતુ વય નિવૃત્તિના લીધે ફસ્ટ તલાટી નિવૃત્ત થતા પાલિકાતંત્રએ આપેલા ક્લાર્ક અને પટાવાળા પાછા બોલાવી લીધા હતા. આથી સેકન્ડ ગ્રેડના તલાટી ઉપર સંપૂર્ણ કાર્યભાર રહે છે. પરિણામે કચેરીએ આવતા અરજદારોના કામ ન થતા અરજદારોમાં રોષ જોવા મળ્યો છે અને જરૂરીયાત મુજબનું મહેક ભરવા માંગ કરી રહ્યા છે.

તલોદમાં ૨૩ હજારની વસ્તી ધરાવતા નગરમાં તલોદગામ, નવા ધાધવાસણા, નવા કેશરપુરા, પોયડી, રામપુરા, પોયડી, રામપુરા, પોયડા, વિશ્વાસીપુરા, સીતવાડી ગામ આવેલું છે. તલોદ શહેરની તમામ કામગીરી જેવી કે નોનક્રિમીલીયર સર્ટી, આવકના દાખલા, ડોમેસાઈલ સર્ટી, ૧૩૫ ની નોટીસ બજવણી તેમજ કોર્ટ કેસની મુદત બજવણી સાથે અન્ય પરચૂરણ કામગીરી પણ આવરી લેતા એક જ તલાટી છેલ્લા પાંચ માસથી કામગીરી કરી રહ્યા છે. કચેરીમાં રોજના અસંખ્ય અરજદારો વિવિધ પ્રકારના પ્રમાણપત્રો મેળવવા માટે આવે છે અને એક જ તલાટી હોવાના કારણે કલાકો સુધી અરજદારોએ રાહ જોવાનો વારો આવે છે. તેમ છતાં કોઈ કામ ન થતા ધક્કા ખાઈ પાછા ફરવુ પડે છે. કચેરીમાં યોગ્ય મંજૂર થયેલ મહેક ન હોવાથી અરજદારો અસંતોષની લાગણી ફેલાઈ છે અને જિલ્લા વહીવટી તંત્ર તાકીદે તલોદનગરની કચેરીમાં જરૂરી કર્મચારીઓની નિમણુંક કરે તેવી નગરના અરજદારો ઉગ્ર માંગણી કરી રહ્યા છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



(તસવીર : જય અમીન, મોડાસા)

## મોડાસામાં આર.એસ.એસ. દ્વારા જમ્મુ-કાશ્મીર પૂર પિડિતો માટે ૪૩ હજારનો ફાળો ઉઘરાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આર.એસ.એસ.ની ૭ ટીમો બનાવી તેમજ ભેગા મળી જમ્મુ-કાશ્મીરના પૂર પિડિતો માટે મોડાસા શહેરમાં ફરી ફરીને ૪૩ હજાર જેટલો ફાળો ઉઘરાવી કુદરતી આપત્તિમાં ફસાયેલા લોકો માટે હંમેશા આગળ રહેતા તેમજ આખી દુનિયામાં જેનું નામ માનભર લેવાય છે તેવી ભારતની આર.એસ.એસ. સંસ્થા મદદમાં પણ હંમેશા અગ્રેસર હોય છે. જમ્મુ-કાશ્મીરમાં આવેલા પુરમાં હજારો લોકો માથે આફત આવી પડી છે ત્યારે તેમને મદદ કરવાની એક માત્ર ભાવના સાથે આર.એસ.એસ.ની મોડાસા શાખા દ્વારા પૂર પિડિતો માટે જાહેર માર્ગો ઉપર ફરીને ૪૩ હજાર જેટલી રકમ ઉઘરાવવામાં આવી હતી. જે રકમ પૂરગ્રસ્ત લોકોને મોકલી આપવામાં ાવી છે. આર.એસ.એસ. જેવી સેવાભાવી સંસ્થાઓ દ્વારા જ ભારતનું નામ દુનિયાભરમાં આદરપૂર્વક લેવામાં આવે છે. જમ્મુ-કાશ્મિર ભયાનક પૂરમાં તબાહ થયેલા વિસ્તાર માટે રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ આગળ આવ્યું છે અને સમગ્ર દેશમાંથી આ સંસ્થા દ્વારા ફાળો ઉઘરાવીને જમ્મુ-કાશ્મીરમાં મોકલવામાં આવ્યો છે. જેમાં મોડાસાની ૫ શાખાઓના કાર્યકર્તાઓ દ્વારા ડબ્બા લઈને ૪૩૬૨૫ જેટલી માતબર રકમ ઉઘરાવીને આર.એસ.એસ.ની સર્વભારતી સંસ્થાના એસ.બી.આઈ. બેંકના એકાઉન્ટમાં જમા કરવામાં આવ્યા હતા. દેશ સેવાના આ ભગીરથ કાર્યમાં મોડાસા નગર કાર્યવાહ અભિમન્યુભાઈ, તાલુકા કાર્યવહ અંકિતભાઈ, ધ્રુપલ સોની, દેવરાજભાઈ, નરેન્દ્રભાઈ પટેલ, હરેશ પટેલ (લાઈફકેર) તુષાર ઠાકર તથા જિલ્લા સંપર્ક પ્રમુખ જગદીશ પ્રજાપતિ જોડાયા હતા. ભારત દેશમાં આવતી કુદરતી આફતોમાં આ સંસ્થા હંમેશા આગળ આવી તન, મન, ધનથી સહાય કરવા માટે હંમેશા તત્પર રહે છે.

# અરવલ્લી કલેકટર કચેરીમાં ગરીબ કલ્યાણ મેળા અંગે બેઠક યોજાઈ

મોડાસા, તા.૧૯

અરવલ્લી જિલ્લામાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળા અંગે આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે અધિક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના વિવિધ અધિકારીઓ હાજર રહ્યા હતા.



રાજય સરકાર દ્વારા આયોજીત ૯મા તબક્કાના ગરીબ કલ્યાણ મેળા અન્વયે અરવલ્લી જિલ્લામાં આગામી તા. ૨૬મી સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ બાયડ અને તા. ૨૭મી સપ્ટેમ્બરના રોજ મોડાસા મુકામે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. મેળા અંગેની પૂર્વતૈયારીના ભાગરૂપે અધિક જિલ્લા કલેકટર એ.બી. પટેલના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ મુદ્દાઓ અને વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## આનંદીમાના વડલે પિતૃઓનું પૂજન થશે

ગાંધીનગર, તા. ૧૯

પિતૃઓની પુણ્ય સ્મૃતિમાં આનંદીમાના વડલો માણસા ખાતે સામુહિક માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાશે. વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ માણસા ખાતે શ્રાધ્ધ મહિનાના પવિત્ર દિવસોમાં તા. ૨૧ રવિવાર બપોરે ૨.૦૦ વાગે પિતૃઓની પુણ્ય સામુહિક માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાશે. જેમાં ભજનીક અને ભાગવત કથાકાર મુકેશભાઈ ભટ્ટ ભજનોની લ્હાણી કરશે. આ કાર્યક્રમમાં જે કોઈ ભાવિક પોતાના પિતૃઓનો ફોટો લઈને આવશે તેમના પિતૃઓનું પૂજન કરવામાં આવશે અને ભજન બાદ પિતૃઓની આરતી ઉતારવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં જાહેર જનતાને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

## શબ્દાવલી - ૫૫૧૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | ૯ | ■ | |
| ૧૦ | | ■ | | ■ | | ■ | |
| | ■ | ૧૧ | ■ | ૧૨ | | ૧૩ | |
| ૧૪ | | | ૧૫ | | ■ | | ■ |
| ■ | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ |
| ૧૯ | ૨૦ | | | ■ | ૨૧ | | |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | |

### આડી ચાવી

૧. અળવીતરૂ (૫)
૫. વિજય (૨)
૭. દિલ, હૃદય (૩)
૧૦. જંગલ, વન (૨)
૧૨. ઝીણો વરસાદ, ફરફર (૪)
૧૪. રખડપટ્ટી, રઝળવું તે (૫)
૧૬. સાર, સત્ત્વ (૨)
૧૭. કંકાશ... કરવો (૩)
૨૧. પ્રથા, આયોજન (૩)
૨૨. બાજી ઊંધી વાળવી, વાત... કરી દેવી (૩)
૨૩. આંખોના નંબર આવે તો... પહેરવા પડે (૩)

### ઊભી ચાવી

૧. અજર અને અમર (૫)
૨. ભાર (૩)
૩. સુખડ, સુગંધી લાકડુ (૩)
૪. એપ્રિલફુલ ડબ્બા... (૨)
૬. શમશેર, ખડગ (૪)
૯. ખોદ્યો.... નીકળ્યો ઉંદર(૩)
૧૧. સળવળવું તે (૫)
૧૨. જલ્દી (૨)
૧૩. મૃત્યુનો ભય રાખ્યા વગર દરિયાના તળિયે જનાર (૪)
૧૫. પાકેલુ, વૃદ્ધ (૩)
૧૭. ... કપૂર, અભિનેત્રી (૩)
૧૮. આયોજન (૩)
૧૯. 'ચોક' શબ્દ ઊંધો (૨)
૨૦. ચા-કોફીનો પ્યાલો (૨)

### શબ્દાવલી ૫૫૧૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) બબુચક (૪) મયૂર (૬) જડ (૭) ડફલી (૮) રથ (૯) લપડાક (૧૨) દયા (૧૪) રટણ (૧૫) ગોડ્સે (૧૬) કીમતી (૧૯) વોટ (૨૧) કરણ (૨૨) નફરત

**ઊભી ચાવી :-** (૧) બજર (૨) બુડથલ (૩) કડકડાટ (૪) મલીન (૫) રમતીયાળ (૧૦) પરસેવો (૧૧) કણકી (૧૩) વગોવણી (૧૭) મકર (૧૮) તીરત (૨૦) ટન

## નવરાત્રિ કાઉન્ટ-ડાઉન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આવ્યો છે તેથી દરેક નોરતા માટે અલગ અલગ ડ્રેસ પહેરવાના અભરખા રાખતા આ ખેલૈયાઓ આવા ડ્રેસીસ અને ઓર્નામેન્ટ્સ ભાડે લઈ આવે છે. આ વર્ષે કચ્છી ભરત કામવાળા અને 'રામલીલા' ફેઈમ કેડિયાં-ચણિયાચોળી ઈન ડીમાન્ડ છે. આ સાથે રબારીવર્ક અને ભરવાડી ડ્રેસની પણ ખૂબ બોલબાલા છે.

એક સમય હતો જ્યારે ખેલૈયાઓ અમદાવાદના કે.બી. ડ્રેસવાલાને ત્યાંથી નવરાત્રિ માટે ડ્રેસ લઈ આવતા હતા. એ વખતે આભલાં મઢેલા ટ્રેડીશ્નલ ડ્રેસીસ ખૂબ ચલણમાં હતા જેને કેટલાક ખેલૈયાઓ પૈસા ખર્ચીને પણ પોતાને માટે બનાવડાવતા હતા. અત્યારે છેલ્લાં કેટલાક વર્ષોથી કચ્છી ભરત વધુ લોકપ્રિય બન્યું છે. સેકટર-૨૭ માં વર્ષોથી નવરાત્રિના ડ્રેસ બનાવવાનો અને તેના વેચાણ તેમજ ભાડે આપવાનો વ્યવસાય કરતા ભાવિન પટેલ જણાવે છે કે કચ્છી ભરત માટેની સામગ્રીની માંગમાં ઉછાળો આવવાના કારણે તેની અછત સર્જાઈ છે અને તેના કારણે આ વર્ષે આ પ્રકારના ડ્રેસીસમાં બમણો ભાવ-વધારો જોવા મળી રહ્યો છે. તેમના જણાવ્યા મુજબ યુવાનોમાં ભરવાડી ડ્રેસ જ્યારે યુવતિઓમાં કચ્છી પેટર્ન વધુ પ્રચલિત છે. તેઓ હાલમાં એક નોરતાના ૧૫૦ થી ચાલુ કરીને ૨૦૦૦ રૂપિયા ભાડુ ધરાવતા ડ્રેસીસ ભાડે આપી રહ્યાં છે અને તેમના અંદાજ મુજબ સમગ્ર નવરાત્રિ દરમ્યાન તેઓ ૫૦૦ થી ૬૦૦ ખેલૈયાઓને ડ્રેસ ભાડે આપે છે. કચ્છી ડ્રેસમાં હાથ અને પગના કાપડના જ બનાવેલા પોંચાની માંગ ખૂબ વધુ રહે છે તેમજ તેઓ લેસથી પણ ડ્રેસને ડેકોરેટ કરે છે. આ ઉપરાંત ઓક્સોડાઈઝડ જ્વેલરી પણ સાથે આપવામાં આવે છે. હાલ તો નવરાત્રિ માટે ખેલૈયાઓ એડવાન્સ બુકીંગ કરાવી રહ્યાં છે જેથી ખરા ટાણે ડ્રેસ મેળવવામાં કોઈ તકલીફ ના પડે.

આ ઉપરાંત સે. ૧ માં મનિષાબેન ખત્રીનું નામ પણ નવરાત્રિના ડ્રેસીસ ભાડે આપવામાં પ્રચલિત છે. તેમના ત્યાં ૩ વર્ષના બાળકથી માંડીને ૫૦ વર્ષના ગરબા શોખીનો ડ્રેસ ભાડે લેવા આવે છે. તેઓ પણ કચ્છી વર્કની વધુ ડીમાન્ડ હોવાનું કબૂલતા કહે છે કે હાલ પેચ વર્કની ખેલૈયાઓ ખાસ માંગ કરી રહ્યાં છે. તેઓ પણ નવરાત્રિ દરમ્યાન ૬૦૦ થી વધારે ડ્રેસીસ ભાડે આપે છે. તેમાંથી અડધા ઉપરનાનું તો એડવાન્સ બુકિંગ થઈ ગયું છે. છેલ્લાં દસ વર્ષથી આ ધંધો કરતા મનિષાબેનના મતે ઓક્સોડાઈઝડ જ્વેલરી સાથે ગોલ્ડન સેટ્સનું પણ હાલ ખૂબ ચલણ છે અને અનેક પ્રકારની એક્સેસરીઝ જેમ કે ફૂમતાં, ટોપી, ખેસ, કડાં, બલૈયાં, ટીકા વગેરેની પણ ખેલૈયાઓ માંગ કરતા હોય છે. કચ્છી ડ્રેસ મોંઘા હોવાના કારણે ઓછા બજેટવાળા ગરબા શોખીનો રબારી ભરત કે ટ્રેડીશનલ મારવાડી ડ્રેસીસથી પણ ચલાવી લે છે. આ ઉપરાંત નગરમાં સે. ૨ માં આવેલ ગણેશ ડ્રેસીસ અને ઈન્ફોસિટી ખાતે આવેલ કાવ્યા ડ્રેસીસ જેવા સ્થળોએથી નવરાત્રિના પરંપરાગત વસ્ત્રો ભાડે મળી રહ્યા છે. આ સિવાય પણ ગાંધીનગરમાં લગભગ દર બીજા સેક્ટરો નાના મોટા વેપારીઓ ડ્રેસ ભાડે આપવાનો ધંધો કરી રહ્યાં છે. જો કે આ વ્યવસાય ઘણા સેક્ટરોમાં મહિલાઓ દ્વારા ચલાવાઈ રહ્યો છે. જેઓ ગૃહીણી અથવા સાડી-ડ્રેસ મટીરીયલ્સ કે બ્યુટી પાર્લરનું કામ કરી રહી હોય છે.

# મોડાસામાં ડેન્ગ્યુના ત્રણ દર્દી મળી આવતા સમગ્ર તાલુકામાં ફફળાટ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૧૯

અરવલ્લી જીલ્લા ના મોડાસા તાલુકા માં ડેન્ગ્યુ ના રોગે ફરીથી માથુ ઉચકતા ચય નો માહોલ ઉભો થયો છે. આજે મોડાસા ખાતે ની એક ખાનગી હોસ્પીટલમાં મોડાસા તાલુકા ના બે અને ધનસુરા તાલુકાનો એક વ્યકતી ડેન્ગ્યુ નદ કેસ પોઝેટીવ અવતા અરોગ્ય વિભાગ માં દોડધામ મચી ગઈ હતી. બે દિવસ પહેલા જ બાયડ તાલુકા ના ગાબટ ગામે માતા અને પુત્રી ને હીપેટાઈસ બી નો પોઝેટીવ રીપોર્ટ આવ્યો હતો તેને લઈ ને આરોગ્ય તંત્ર હરકત માં આવી ગયુ છે ત્યારે આજે મોડાસા તાલુકા અને ધનસુરા તાલુકા નો એક એમ કુલ ત્રણ દર્દી ને ડેન્ગ્યુ નો પોઝેટી રીપોર્ટ આવતા સરવાર અર્થે મોડાસા ની ખાનગી હોસ્પીટલ માં સબમીટ થયા હતા આ અંગે જીલ્લા ના આરોગ્ય અધિકારી નાયક નો સંપર્ક કરતાંતેમણે જણાવ્યુ હત કે આ ડેન્ગ્યુ નામનો રોગ એડીસ એજીપ્તી મરછર ના કારણે ફેલાય છે જયારે તેમણે વધુ માં જણાવ્યુ હતુ કે આ બાબત ની જાણ થતાં આરોગ્ય વિભાગ ની ટીમો રવાના કરી દેવામાં આવી છે. અને દરેક જગ્યાએ ફોગીંગ કરવાનુ પણ ચાલુ કરી દેવામાં આવ્યુ છે.

## આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું

આ મામલે જીલ્લા આરોગ્ય અધિકારીનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યુ હતુ કે મોડાસા તાલુકાના ખંભીસર ગામ તથા એન્જીનીયરીગ કોલેજની બાજુમાં આવેલ હોટલ શ્રીનાથજીમાં કામ કરતા વેઈટર અને ધનસુરા તાલુકાના કંજરી કંપા ગામના એક બહેનનો આ રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે અને હાલ આ દરેક જગ્યાએ આરોગ્યની ટીમો રવાના કરી દેવામાં આવી છે તેમજ ફોગીંગ કરવાનુ પણ ચાલુ કરી દેવામાં આવ્યુ છે અને હાલ આ ત્રણેય દર્દીઓ મોડાસાની ખાનગી હોસ્પીટલમાં સારવાર લઈ રહયા છે.

# મોડાસામાં થયેલ ૩ કરોડની કોપર ચોરીમાં પકડાયેલ

## આરોપીઓ દ્વારા જુદા જુદા રાજયમાં કરેલા ૪૯થી પણ વધુ ગુના કબુલ્યા

મોડાસા તા.૧૯

અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર માં આજ થી બે વર્ષ પહેલા મોડાસા બાયપાસ રોડ ઉપર થી ૩ કરોડ રુપીયાના કોપર ના વાયર અને ટ્રક ની ૯ જેટલા લકો એ મળી ને ઉઠાંતરી કરી હતી જેની અરવલ્લી જીલ્લા ની એલ.સી બી.પોલીસ રેન્જ ડી.આઈ.જી.પી રાજીવ રંજન ભગત સાહેબ અને જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ની સુચના થી તપાસ હાથ ધરી હતી અને તેમાંથી આજે ખાનગી બાતમી ના અધારે ૪ જેટલા લકો ની ધરપકડ કરવામાં એલ.સી.બી.ની ટીમ ને સફળતા મળી હતી

ત્યારે ગઈકાલે આ પકડાયેલ ચારેય આરોપીઓ ને ટાઉન પોલીસ અને એલ.સી.બીટી મે મળી કોર્ટ માં વધુ તપાસ અર્થે રજુ કરી રીમાન્ડ માંગ્ય હતા ત્યારે કોર્ટ ધ્વારા તપાસ માટે આ ચારેય આરોપીઓ ના ચાર દિવસ ના રીમાનડ મંજુર કરવામાં આવ્ય હતા ત્યારે જીલ્લા એલ.સી.બી.પી.આઈ પી.કે પટેલ અને સબ ઈન્સપેકટર રાઠોડ અને ટાઉન પી.એસ.આઈ કે.જે.ચોધરી ધ્વારા આરોપીઓની આકરી પુછતાછ કરતાં આ ગુનેગારો જોડે થી ચોકાવનારી વિગતો બહાર આવી છે. આ અંગે જીલ્લા એલ.સી.બી. પી.આઈ પી.કે.પટેલના ના જણાવયા અનુસાર આ ચારેય આરોપીઓ એ મળી જુદા જુદા રાજય માં થઈ ને કુલ ૪૯ થી પણ વધારે ગુનાઓ કર્યા નુ કબુલતા ખુદ પોલીસ પણ ચોકી ઉઠી હતી ત્યારે આ મોડાસા ખાતે થયેલ ચોરીમાં કુલ ૯ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે અને હજુ તેમાં થી માત્ર ચાર જ આરોપીઓ પકડાગેલ છે જો આ ચાર આરોપીઓ ધ્વાર જ ૪૯ થી પણ વધારે ગુના આચરવામાં આવ્યા છે તો બાકીના પાંચ ગુનેગાર પકડી ને તપાસ કરવામાં આવે તો આ આંકડો ૧૦૦ ને પણ પાર કરી જાય તો નવાઈ નહી જયારે આ ગેગ નો મુખ્ય સુત્રધાર ઈસ્લામઉદ્દી ન હજુ પોલીસ પકડ થી દુર છે જો આ પુરેપુરી ગેગ પકડ માં આવી જાય તો આ ગેગે રાજય વ્યાપી આવા કેટલીય ચોરીઓ નો ભેદ ઉકેલાઈ જાય તેમ છે. મુખ્યત્વે આ ગેંગ ધ્વારા ઉત્તર પ્રદેશ મધ્યપ્રદેશ આગ્રા હરીયાણા અને ગુજરાત નાજ શહેરો ને નિશાન બનાવ્યા નુ જણાઈ આવે છે.

આ ગેગ ધ્વાર મુઘયત્વે ગુનામાં ગંભીર ગુનાઓ જ આચરેલા છે જેમાં પોલીસ ઉપર ફાયરીગ, મર્ડર, ટ્રક, ટ્રેકટર, સ્કોરપીઓ, ઝાયલો, બોલેરો અને કોપર ભરેલા ટ્રકો ની મુખ્યત્વે ચોરી કરતા હતા ત્યારે હાલ તો એક જ દીવસ ની તપાસ માં આટલા બધા ગુના આરોપીઓ ધ્વારા કબુલવામાં આવ્યા છે તો પોલીસ ને હજુ આ અરોપીઓ ધ્વાર કરેલ બીજી કેટલીયે રાજયો ની ચોરીઓની ભાળ મળવાનીશકયાતા દેખાઈ રહી છે. જયારે આપકડાયે ચારેય આરોપીઓ માં થી (૧) અનીશ ઉર્ફે છોટુ બાબુદીન કુરેશી (રહે.દોતાના તા.છાતા જી.મથુરા)મળી જુદા જુદા રાજયો માં કુલ ૨૬ ગુના આચરવામાં આવ્યા છે. (૨) બબલુ ઈદુ કુરેશી (રહે.દોતાના તા.છાતા જી.મથુરા)જયારે આ અરોપી ધ્વારા ૧૫ ગુના કરવામાં આવેલા છે.મુબીન ફજરુ મેવ (રહે. આલીમેવ થાણા જી.પલ્લવ) આ આરોપી ધ્વારા ૮ગુના આચરવામાં આવેલા છે. હનીફ બાબુદ્દીન કુરેશી (રહે.દોતાના તા.છાતા જી.મથુરા)આ અરોપી ધ્વારા ૪ ગુના આચરવામાં આવેલ છે જયારે આ ગેગ ના મુખ્ય સુત્રધાર ઈસ્લામુદીન નુ સાચુ નામ અરવલ્લી જીલ્લા ની પોલીસ તપાસ માં જ બહાર આવ્યુ છે.

(તસવરી : સમીર બલોચ)

## ગુનો કરવા કઈ મોડસ ઓપરન્ડી વાપરતા હતા

આ અરોપીઓ ધ્વારા ગુજરાત માં મોટાભાગે કોપર ભરેલ કન્ટેનર ની જ ચોરીઓ કરવામાં આવેલી છે અને આ ચોરીઓ કરવામાં આ લોકો ગુજરાત માં કોપર નુ હબ ગણાતુ દહેજ ખાતે કોપર ની કનટેનરો ભરાઈ ને અન્ય રાજય માં જતી હતી ત્યારે આ લોકો ધ્વારા ખાનગી વોચ ગોઠવતા અને કઈ ગાડી માં વધારે માલ ભરાય છે. તેનુ ધ્યાન રાખતા જયારે આ ગાડી જયાં લોકો ની અવર જવર ઓછી હોય તેવા વિસ્તાર માં પહોચતા આ લોકો પોતાની પાસે રહેલ ટ્રક ધ્વારા આ ગાડી ની ઓવરટેક કરી આ ગાડી ની આગળસ ઉભી રાખી દઈ અંદર બેઠેલા લકો ગાડી માં ચડી જતા અને અંદર બેઠેલા ડ્રાઈવર કંડકટર ને પિસ્તો બતાવી તેમના હાથપગ બાંધી દેતા અને ગેગ નો માણસ ગાડી ચલાવી લેતો ત્યાર બાદ આ લોકો આગળ જઈ આ બ્બને ગાડી ના રૂટ બદલી નાખતા અને ડ્રાઈવર અને કલીનર ને પણ બીજી ગાડી માં ટ્રાન્સફર કી દેતા આમ કોઈ ને શક જતા નહી અને આસાની થીઆ લોકો આ ચોરી ને અંજામ આપતા હતા

# ડીસા પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ સામેની દરખાસ્ત મામલે બેઠક યોજાશે

ડીસા, તા.૧૯

ડીસા નગરપાલિકામાં આગામી ૨૪મીના રોજ જનરલ બોર્ડની બેઠક યોજાશે. બેઠકમાં પ્રમુખ અને ઉપપ્રમુખના ભાવિનો ફેંસલો કરવાનો હોવાથી બેઠક તોફાની બની રહેવાની સંભાવનાઓ સેવાઈ રહી છે.

ભાજપ શાસિત ડીસા નગરપાલિકામાં પ્રમુખ ડૉ. તેજલ પટેલ અને ઉપપ્રમુખ નિલેશ ઠકકર તાનાશાહી ચલાવે છે તેવો આક્ષેપ વિરોધ પક્ષ કોંગ્રેસ અને અપક્ષો દ્વારા કરવામાં આવ્યો હતો. પ્રમુખ અને ઉપપ્રમુખની કામગીરીને લઈને અવિશ્વાસની દરખાસ્ત મુકી હતી.

એક માસના સમયમાં બેઠક ન મળતા ચીફ ઓફિસર દ્વારા આ સમગ્ર મામલાનો રિપોર્ટ જિલ્લા કલેકટરને કરવામાં આવ્યો હતો ત્યારે આગામી ૨૪ સપ્ટેમ્બરના રોજ આ મામલે બેઠક યોજવામાં આવનાર છે ત્યારે બેઠકમાં ભૂકંપ સર્જાય તેવી જાણકારોના મતે શંકાઓ સેવવામાં આવી રહી છે.

## કાંકરેજમાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

કાંકરેજ તાલુકામાં પેરા લીગલ વોલેન્ટીયર્સ ટીમ દ્વારા રાણકપુર, નગોટ, વીભાનસડા, નેકોઈ, ઈન્દ્રાસણ, ખસા મેડેકાલે ગામે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લા કાનૂની સત્તા મંડળ દ્વારા પ્રશિક્ષિત વોલેન્ટીયર્સ ટીમ દ્વારા તાલુકા કાનૂની સત્તા મંડળ કાંકરેજ, શિહોરી તેમજ પ્રિન્સીપાલ સિવિલ જજ આર.આર. મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ કાંકરેજ તાલુકાના વિવિધ ગામો કાનૂની જાગૃતિ શિક્ષણ શિબિર યોજાઈ હતી

## આસામમાં લૂંટાઈ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સપ્ટેમ્બરે બપોરે તપાસ માટે નીકળ્યા હતા. કલકત્તા, બિહાર, ઉત્તરપ્રદેશ અને આસામ તપાસ કરવા જવાનું હતું. આ ટીમ આસામ હાઈવે પર રાત્રે પોંચી ત્યારે ગાડીને પંચર પડી જતા જેક લગાવીને પંચર કરી રહ્યા હતા. તેવામાં આસામની કોઈ લોકલ હથિયારધારી લુંટારૂ ગેંગ આવી પહોંચી અને પીએસઆઈ ગડરીયાની સર્વિસ રીવોલ્વર તમામના મોબાઈલો અને તેમની પાસેના અંદાજે ૫૦ હજાર રૂપિયા રોકડા લુંટી લીધા હતા. પીએસઆઈ ગડરીયા સહિત આખી ટીમને માર મારીને લોહીલુહાણ હાલતમાં મુકી આખી ગેંગ ફરાર થઈ ગઈ હતી. આ મામલે આસામની સ્થાનિક પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અને ઘાયલ પોલીસ ટીમને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. ગાંધીનગર ડીએસપીએ આસામ ડીઆઈજી સાથે ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ટેલીફોનીક વાતચીત કરી હતી અને સઘન પેટ્રોલીંગ કરાવી આરોપીઓને પકડવા ત્યાંની પોલીસે તજવીજ કરી હોવાનું જાણવા મળ્યું છે.

## ભરડો લીધો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિભાગ સમક્ષ સમસ્યા સંદર્ભે આક્રોશ વ્યક્ત કર્યો હતો. મહીલાઓએ વિભાગની કચેરીમાં હોબાળો મચાવ્યો હતો. આખરે તંત્રના અધિકારીએ સ્થળ મુલાકાત લઈ પ્રશ્ન હલ કરવાની ખાત્રી આપતા મામલો થાળે પડ્યો હતો. આ પૂર્વે સ્થાનિક રહીશો દ્વારા કોર્પોરેટરના નિવાસ સ્થાને પણ ઘેરાવો કરવામાં આવ્યો હતો. જો કે, શાબ્દિક ચકમકના અંતે મહીલાઓનું ટોળુ પાટનગર યોજના ભવન પહોંચ્યું હતું.


### જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૪-૨૦૧૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટાવિભાગ નં. ૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર. (ટે.નં. ૨૩૨૫૯૫૧૮) દ્વારા વીજળીકરણને લગતા ૬ (છ) કામોની અંદાજીત કિંમત રૂ. ૩૪૮૮૫.૪૦ થી રૂ. ૨૨૬૬૪૪.૦૦ સુધીની છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૬/૯/૨૦૧૪ છે. અને પરત મેળવવાની છેલ્લી તા. ૭/૧૦/૨૦૧૪ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૨૩૬/૨૦૧૪-૧૫

### જાહેરાત

નિગમની કચેરીના હિસાબી શાખાના કોમ્પ્યુટરો માટે રોજબરોજના હિસાબી કામકાજ કરવા માટે અદ્યતન સુધારા, વધારા સાથેનું ટેલી ઈ.આર.પી. ૯ મલ્ટી યુઝર (ગોલ્ડ) સોફ્ટવેર પ્રોગ્રામ ખરીદવાનો હોવાથી ઈન્સ્ટોલેશન કરી આપવા માટે રસ ધરાવતી ટેલી કંપની માન્ય એજન્સીઓના વિગતો તથા શરતો સાથેના ભાવો નિગમની કચેરીએ નીચેના સરનામે તા. ૨૬/૯/૧૪ સુધીમાં મંગાવવામાં આવે છે. મળેલ ભાવો હાજર રહેલ વિક્રેતાઓ સમક્ષ તા. ૨૯/૯/૧૪ના રોજ ૧૨-૦૦ કલાકે નિગમની કચેરી ખાતે ખોલવામાં આવશે. ભાવો મંજુર કરવા કે નામંજુર કરવા તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો રહેશે.

**સરનામું**
**ગુજરાત અલ્પ સંખ્યક નાણાં**
**અને વિકાસ નિગમ લી.**
**ડો. જીવરાજ મહેતા ભવન,**
**બ્લોક નં. ૧૧, બીજો માળ**
**ગાંધીનગર**

**સહી/-**
**(આર. એમ. જાદવ I.A.S.)**
**મેનેજીંગ ડીરેક્ટર**
**ગુજરાત અલ્પ સંખ્યક નાણાં**
**અને વિકાસ નિગમ લી.**
**ગાંધીનગર**

માહિતી/૧૨૪૨/૨૦૧૪-૧૪